For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સુરતમાં મનપાની કચેરીને ઉડાવી દેવાની ધમકી પણ કશું થયું નહીં!




**આ ઈમેલ મોકલનાર તરીકે નીચે મુજબના નામો દર્શાવવામાં આવ્યા છે**

- » એન્જિનિયર ગુરનાખ સિંહ (રૂકન શાહવાલા)
- » ડો. ગુરનિર્વૈર સિંહ
- » ખાન રાજાડા



**મેયરના** સત્તાવાર ઈ-મેઈલ આઈડી પર આઈડીડી કાર બ્લાસ્ટ અને માનવ બોમ્બથી હુમલો કરવાની ધમકી અપાઈ હતી

**ધમકીભર્યા** ઈ-મેઈલને પગલે પોલીસે દોડી દઈ કચેરી ખાલી કરાવી ખુણે-ખુણે તપાસ કરી, પરંતુ કશું મળ્યું નહીં

**ધમકી** આપનારે પોતાને 'ખાલિસ્તાન નેશનલ આર્મી'નો સભ્ય ગણાવ્યો હતો, ધમકી પોકળ સાબિત થઈ

સુરતઃ આજે સવારે સુરત મહાનગરપાલિકાના મેયરના સત્તાવાર ઈ-મેલ પર એક ધમકીભર્યો અનામી ઈમેલ મળતા પાલિકા અને પોલીસ તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. ઈ-મેઈલ મોકલનારે પોતાને 'ખાલિસ્તાન નેશનલ આર્મી'નો

...અનુસંધાન પાના 5 પર

### મનપા કચેરીનો મુખ્ય ગેટ બંધ કરી પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો

ધમકી મળતાં જ મુલાકાતીઓને તાત્કાલિક ધોરણે મુખ્ય વહીવટી ભવન ખાતે જતાં અટકાવી દેવામાં આવ્યા હતા. બીજી તરફ સુરક્ષાનાં ભાગરૂપે તમામ કર્મચારીઓને પણ કચેરીની બહાર જવા માટે જણાવવામાં આવ્યું હતું અને મુખ્ય વહીવટી ભવનનાં ગેટ બંધ કરી દેવામાં આવ્યા હતા. ગેટની બહાર મહાનગર પાલિકાનાં માર્શલોની સાથે - સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ખડકી દેવામાં આવ્યો હતો.

### મેયર ઓફિસ અને ગૃહમંત્રી કાર્યાલય નિશાના પર

મેયરને જે સવારે ૮.૩૫ વાગ્યે ઈ-મેઈલ આવ્યો હતો તે 'અર્લિન સ્મિથ' નામના આઈડી પરથી મોકલવામાં આવ્યો છે. જેમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે ૧૮ જૂનથી ૩૦ સપ્ટેમ્બર વચ્ચે ગમે ત્યારે બોમ્બ ધડાકા થઈ શકે છે. ધમકી આપનારે મેયર ઓફિસ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઓફિસને બપોરે ૩:૧૧ વાગ્યે નિશાન બનાવવાની વાત

...અનુસંધાન પાના 5 પર

### હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો બદલો લેવાનો દાવો

ઈ-મેઈલમાં વર્ષ ૨૦૨૩માં કેનેડામાં માર્યા ગયેલા ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈમેલ કરનારે આક્ષેપ કર્યો છે કે નિજ્જરની હત્યા પાછળ ગૃહમંત્રી અમિત શાહનો હાથ હતો, અને તેનો બદલો લેવા માટે આ ધડાકા કરવામાં આવશે. દેશના ગૃહમંત્રીને વિસ્ફોટમાં ઉડાવી દેવાની સીધી ધમકી આ મેઈલમાં આપવામાં આવી છે.

### કેમ્પસની આસપાસનાં વિસ્તારમાં પણ તપાસ હાથનો ધમધમાટ

ઈ-મેઈલમાં ધમકીને પગલે પોલીસનાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ અને ડોગ સ્કવોર્ડ દ્વારા તાપી ભવનની તમામ ઓફિસો, પેસેજ અને પાર્કિંગ એરિયા સહિતનાં વિસ્તારોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી જ્યારે બીજી તરફ મુખ્ય વહીવટી ભવનની આસપાસનાં વિસ્તારોમાં પણ પાર્ક કરવામાં આવેલ કાર - ટુ વ્હીલરોમાં પણ પોલીસ દ્વારા તકેદારીનાં ભાગરૂપે તપાસ હાથ ધરવામાં આવી છે. આ સિવાય ડ્રોન દ્વારા પણ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું

...અનુસંધાન પાના 5 પર

# સુરતનો 10 વર્ષનો રિયાંશ 'ધમાલ-4' ફિલ્મમાં દેખાશે

**અનેક** સિરિયલોમાં કામ કરનાર રિયાંશ 'ધમાલ-4' ફિલ્મમાં અજય દેવગનનો મહત્ત્વનો કો-સ્ટાર બન્યો

**સાડા** ચાર વર્ષની ઉંમરે જ્યારે બહેનને મમ્મી શીખવાડતી હતી ત્યારે રિયાંશે એકટિંગ શીખવાની શરૂ કરી હતી

**રિયાંશના** ગ્રાસ્પિંગ પાવરે તેને બોલિવૂડની ફિલ્મ સુધી પહોંચાડ્યો

સુરતઃ સુરતમાંથી બોલિવૂડમાં ગયા હોય તેવા વ્યસ્ક કલાકારો તો ઘણા છે પરંતુ સુરતમાં હાલમાં માત્ર 10 જ વર્ષના બાળક રિયાંશે અજય દેવગન સાથેની ફિલ્મ 'ધમાલ-4'માં અભિનય કરીને નાની ઉંમરે જ પોતાનો સિતારો ચમકાવ્યો છે. જ્યાં આ ઉંમરે બાળકો રમતા હોય ત્યારે રિયાંશ આ ફિલ્મમાં મહત્વનો કો-સ્ટાર બન્યો છે. આ ફિલ્મનું શૂટિંગ પુરૂં થઈ ગયું છે અને આગામી જુલાઈ માસમાં રિલીઝ કરાશે. રિયાંશે પહેલા અનેક જાણીતી સિરિયલોમાં કામ કર્યું હતું. ત્યાંથી તેને આ ફિલ્મ માટે ઓડિશન

...અનુસંધાન પાના 5 પર



### હું ભવિષ્યમાં અજય દેવગન જેવો જ એક્શન હીરો બનવા માંગુ છું: રિયાંશ

સુરતમાં નવસારી બજાર, મલેકવાડીમાં રહેતા રિયાંશે જણાવ્યું હતું કે, મારી અજય દેવગન સાથેની કેમેસ્ટ્રી અદ્દભૂત છે. અજય દેવગન સર મને શૂટિંગ વખતે ડાયલોગ બોલવાની સાથે એકટિંગમાં પણ સુધારો કરાવતા હતા.જે રીતે અજય દેવગને મને શીખવાડ્યું તેના આધારે ભવિષ્યમાં હું પણ અજય દેવગન જેવો જ એક્શન હીરો બનવા માંગુ છું. હું હાલમાં હું ધોરણ-4માં પીઆર ખાટીવાળા શાળામાં ભણું છું અને ગમે તેટલું શૂટિંગમાં વ્યસ્ત હોઉં પરંતુ મારા

...અનુસંધાન પાના 5 પર

# ટેલિગ્રામ પર પ્રતિબંધ છતાં યુઝર્સે ઉપયોગના રસ્તા શોધી કાઢ્યા

**વર્ચ્યુઅલ** પ્રાઇવેટ નેટવર્ક અને Proxyના ઉપયોગથી ટેલિગ્રામ એક્સેસ શક્ય છે

**ભારતને** બાયપાસ કરીને યુઝર્સ બીજા દેશના નેટવર્કનો ઉપયોગ કરી રહ્યા છે

સુરત : NEET પેપર લીક થયા બાદ RE-NEET સુધી સરકારે ટેલિગ્રા પર પ્રતિબંધ મૂકી દીધો છે પરંતુ યુઝર્સે ભારતને બાયપાસ કરીને અન્ય દેશોના નેટવર્કનો ઉપયોગ કરીને ટેલિગ્રામ સુધી પહોંચવાનો રસ્તો શોધી કાઢ્યો છે જે દિશામાં સરકારે તાત્કાલિક પગલાં લેવા જોઈએ. સુરતના સાયબર એક્સપર્ટ મીત શાહના જણાવ્યા અનુસાર VPN (વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક) અને Proxy જેવી ટેક્નોલોજી વપરાશકર્તાઓને ભૌગોલિક અથવા સ્થાનિક પ્રતિબંધોને બાયપાસ કરવાની ક્ષમતા આપે છે. તેથી માત્ર પ્રતિબંધ જાહેર કરવો પૂરતો નથી. તેના અસરકારક અમલ માટે મજબૂત ટેકનિકલ માળખું, ISP સાથે સંકલન, આંતરરાષ્ટ્રીય સહકાર અને સાયબર સુરક્ષાની આધુનિક વ્યવસ્થાઓ

...અનુસંધાન પાના 5 પર

### કેટલાક સંભવિત કારણો હોઈ શકે છે

**1. કેન્દ્રીય ગેટવે સુરક્ષા વ્યવસ્થા પૂરતી મજબૂત ન હોવી**
જો પ્રતિબંધ માત્ર DNS અથવા IP સ્તર સુધી મર્યાદિત હોય, તો અદ્યતન VPN અને Proxy સેવાઓ તે નિયંત્રણોને સરળતાથી બાયપાસ કરી શકે છે.

**2. VPN પ્રદાતાઓ સાથે મર્યાદિત કાનૂની સહકાર**
વિશ્વની ઘણી VPN કંપનીઓ એવા દેશોમાં સ્થિત છે જ્યાં ભારતીય કાયદા અમલ એજન્સીઓ સાથે સીધો સહકાર અથવા કાનૂની કરાર મર્યાદિત હોઈ શકે છે. પરિણામે, પ્રતિબંધના અમલમાં પડકારો ઉભા થાય છે.

**3. ISP સ્તરે VPN ટ્રાફિક પર નિયંત્રણનો અભાવ**
જો ઇન્ટરનેટ સેવા પ્રદાતાઓને માત્ર ટેલિગ્રામ સંબંધિત ડોમેન્સ અથવા IP સરનામાંઓ બ્લોક કરવા સૂચના આપવામાં આવે અને VPN ટ્રાફિક અંગે વિશેષ માર્ગદર્શન ન હોય, તો વપરાશકર્તાઓ VPN મારફતે પ્રતિબંધને બાયપાસ કરી શકે છે.

**4. અન્ય દેશોના સર્વર મારફતે કનેક્શન**
VPN વપરાશકર્તાને એવા દેશના સર્વર સાથે જોડે છે જ્યાં ટેલિગ્રામ પર કોઈ પ્રતિબંધ ન હોય. પરિણામે, વપરાશકર્તાનો ટ્રાફિક તે દેશમાંથી આવી રહ્યો હોય તેમ દેખાય છે અને સેવા સામાન્ય રીતે કાર્યરત રહે છે.

### સરકારે આ પગલાં ભરવા જોઇએ

**1. નેટવર્ક સ્તરની સુરક્ષા વધુ મજબૂત બનાવવી**
પ્રતિબંધના અમલ માટે માત્ર DNS અથવા IP બ્લોકિંગને બદલે વધુ અદ્યતન નેટવર્ક મોનિટરિંગ અને ફિલ્ટરિંગ તકનીકોનો ઉપયોગ કરી શકાય.

**2. આંતરરાષ્ટ્રીય કાનૂની સહકાર વધારવો**
VPN સેવા પ્રદાતાઓ અને વિવિધ દેશો સાથે કાનૂની સહયોગ મજબૂત બનાવવાથી નિયમનકારી કાર્યવાહી વધુ અસરકારક બની શકે છે.

**3. ISP સાથે વધુ સંકલિત અમલીકરણ**
જરૂરિયાત મુજબ તમામ ઇન્ટરનેટ સેવા પ્રદાતાઓને એકસરખી અને સ્પષ્ટ માર્ગદર્શિકા આપીને પ્રતિબંધના અમલમાં એકરૂપતા લાવી શકાય.

**4. સતત મોનિટરિંગ અને જોખમ શોધ પ્રણાલી**
સુરક્ષા માળખાને વધુ મજબૂત શંકાસ્પદ ટ્રાફિક, નીતિ ઉલ્લંઘન અને સુરક્ષા જોખમોને વહેલી તકે શોધી કાઢી મોનિટરિંગ સિસ્ટમ વિકસાવી શકાય.

**ચોમાસું એક અઠવાડિયું મોડું પહોંચવાની સંભાવના**

# સુરતના કેટલાક વિસ્તારમાં અમીછાંટણા વચ્ચે ભારે બફારો

**મહત્તમ** તાપમાન 35.5 ડિગ્રી નોંધાયું, ભેજના કારણે ઉકળાટમાં વધારો

સુરતઃ સુરત શહેરમાં બુધવારે ભારે પવનો વચ્ચે પણ ગરમી અને ઉકળાટનો માહોલ યથાવત રહ્યો હતો. શહેરમાં મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 35.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ આંશિક વધારો દર્શાવતા 28.9 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. તાપમાનમાં થયેલા વધારા અને હવામાં રહેલી ભેજના કારણે લોકોને દિવસભર અસહ્ય ગરમીનો અનુભવ કરવો પડ્યો હતો.

### નવસારીમાં મેઘરાજાનો 'ટ્રાયલ રન', રસ્તા ભીના કર્યા

નવસારીઃ ગુજરાતમાં ચોમાસાના આગમનની જાહેરાતો વચ્ચે નવસારી જિલ્લામાં વરસાદની વાસ્તવિક સ્થિતિ ચિંતાજનક બની રહી છે. નવસારી શહેરમાં આજે મેઘરાજાએ અમીછાટણાં કરી રસ્તાઓ ભીના કર્યા હતા. છેલ્લા કેટલાક દિવસોથી વાદળો, ગાજવીજ અને છૂટાછવાયા ઝાપટાંએ ચોમાસાની હાજરીનો

...અનુસંધાન પાના 5 પર

### દમણના દરિયામાં જવા પર પ્રતિબંધ, કિનારા પર સેલ્ફી પણ નહીં લઇ શકાય

દમણઃ દમણ જિલ્લામાં ચોમાસાના આગમનને ધ્યાનમાં રાખીને જિલ્લા મેજિસ્ટ્રેટ આરતી અગ્રવાલે જાહેરનામું બહાર પાડી દમણના દરિયા કિનારાઓ પર તરવા, નાહવા, માછલી પકડવા તેમજ દરિયામાં જઈ સેલ્ફી કે ફોટોગ્રાફી કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ પ્રતિબંધ 17 જૂન 2026થી અમલમાં આવ્યો છે અને 16 ઓગસ્ટ 2026 સુધી યથાવત રહેશે.

**આધુનિક ટેક્નોલોજી આધારીત ત્રણ નવી બ્રાન્ચ શરૂ થશે**

# ગાંધી ઈજનેરી કોલેજમાં 300 બેઠકનો વધારો કરાયો

**કમ્પ્યુટર** એન્જિનિયરિંગમાં વધારાની 75 બેઠક, IT, રોબોટિક્સ એન્ડ ઓટોમેશન અને ICTની નવી બ્રાન્ચને મંજૂરી

સુરતઃ સુરતની સરકારી ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજ (ગાંધી એન્જિનિયરિંગ કોલેજ)માં આગામી શૈક્ષણિક વર્ષથી કુલ 300 બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે. સાથે જ આધુનિક ટેક્નોલોજી આધારિત ત્રણ નવી બ્રાન્ચો શરૂ કરવાની મંજૂરી મળતા વિદ્યાર્થીઓને પોતાના જિલ્લામાં જ ગુણવત્તાસભર ટેકનિકલ શિક્ષણ મેળવવાની વધુ તકો ઉપલબ્ધ બનશે.

માહિતી અનુસાર હાલની કમ્પ્યુટર એન્જિનિયરિંગ શાખામાં 75 બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે હવે આ બ્રાન્ચમાં કુલ 150

...અનુસંધાન પાના 5 પર

### કઈ બ્રાન્ચમાં કેટલી બેઠકો મળી

| બ્રાન્ચ | બેઠકો |
|---|---|
| કમ્પ્યુટર એન્જિનિયરિંગ | 150 |
| ઇન્ફોર્મેશન ટેક્નોલોજી (નવી) | 75 |
| રોબોટિક્સ એન્ડ ઓટોમેશન એન્જિનિયરિંગ (નવી) | 75 |
| ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (નવી) | 75 |



# મૂળ કરજણની નેન્સી ન્યુઝીલેન્ડ માટે રમનાર પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર બની

**કરમાડી** ગામે જન્મેલી નેન્સીએ આઇસીસી વુમન ટી-20 વર્લ્ડકપમાં શ્રીલંકા સામે બે વિકેટ ઝડપી

**હું ગુજરાતી,** મોદી સ્ટેડિયમમાં રમવાનું મારું સપનું છે: નેન્સી

ભરૂચઃ કરજણના નાનકડા કરમાડી ગામે જન્મેલી 24 વર્ષીય નેન્સી પટેલે ન્યુઝીલેન્ડ મહિલા ક્રિકેટ ટીમ તરફથી આંતરરાષ્ટ્રીય કેપ મેળવી ઈતિહાસ રચ્યો છે. તે ન્યુઝીલેન્ડ માટે રમનાર પ્રથમ ભારતીય મૂળની મહિલા ક્રિકેટર બની છે. નેન્સી પટેલે ભારતમાં રમવા અંગે ઉત્સાહ વ્યક્ત કરતાં કહ્યું કે, મને ભારતના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમવાનું ગમશે. ભારતમાં મારો આખો પરિવાર હશે અને હું ગુજરાતી હોવાથી તે લગભગ હોમ ગ્રાઉન્ડ જેવું લાગશે.

ભરૂચ જિલ્લાની બાજુમાં આવેલા કરજણ તાલુકાના કરમાડી ગામે જન્મેલી નેન્સી માત્ર છ વર્ષની ઉંમરે પરિવાર સાથે ન્યુઝીલેન્ડ સ્થળાંતરીત થઈ હતી. સ્થળાંતર પહેલાં જ તેણે ગામમાં મિત્રો સાથે ક્રિકેટ રમવાની શરૂઆત કરી દીધી હતી. તૌરંગા પ્રાથમિક શાળાનાં શિક્ષિકા મેકડોનાલ્ડે તેમને શાળાની ટીમમાં સામેલ કરી, જ્યાંથી તેમના ક્રિકેટ કારકિર્દીની ઔપચારિક શરૂઆત થઈ હતી. નેન્સીના પિતા હિતેશભાઈ અને કાકા પિનાકીનભાઈએ તેમના

...અનુસંધાન પાના 5 પર



### પપ્પા મારા પહેલા કોચ હતા: નેન્સી

નેન્સીએ જણાવ્યું કે, પપ્પા મારા પહેલા કોચ હતા. અમે બોલિંગ મશીન સાથે સ્થાનિક નેટ પર કલાકો વિતાવતા. તેઓ હંમેશાં સહાયક રહ્યા છે. સેડન પાર્ક ખાતે વ્હાઇટ ફર્ન્સ કેપ પ્રાપ્ત કરતી વખતે નેન્સી ભાવુક થઈ ગઈ હતી. નાનપણથી આ ક્ષણનું સ્વપ્ન જોયું હતું. ખુશીનાં આંસુ રોકવા મુશ્કેલ હતા. નેન્સી આધ્યાત્મિકતાને પોતાની માર્ગદર્શક શક્તિ માને છે. તેણે કહ્યું કે, બાળપણમાં બાળ સંસ્કાર કેન્દ્રમાં ભગવદ ગીતા અને ભગવાન કૃષ્ણ વિશે શીખ્યા. 'કામ કરતો જા, હાક મારતો જા, મદદ તૈયાર છે'- આ વાક્ય મને પ્રેરણા આપે છે. નેન્સી પટેલ માતાપિતાના સફાઈ વ્યવસાય 'ક્રિએટક્લીન' સાથે કામ કરે છે અને એડમ્સ સેન્ટર ફોર હાઈ પર્ફોર્મન્સમાં સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ કોચ તરીકે પણ ફરજ બજાવે છે. કરમાડી ગામના 72 વર્ષીય ઠાકોરભાઈ પટેલે

...અનુસંધાન પાના 5 પર

### પાંડેસરામાં પ્રેમીના લગ્નના બે દિવસ પહેલા યુવતીએ ફાંસો ખાધો

સુરતઃ પાંડેસરામાં બે દિવસ બાદ પ્રેમીના લગ્ન હોવાના તનાવમાં આવીને યુવતીએ ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો.

મૂળ ઉત્તરપ્રદેશના વતની પલક મૂલચંદ્ર વર્મા (ઉં.વ.18) હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલા હીરાનગરમાં બહેન અને જીજા સાથે રહેતી હતી. પલક ત્રણ વર્ષ પહેલાં વતનથી સુરત રહેવા આવી હતી અને અહીંયા તે મોટી બહેન અને જીજા નોકરીએ જાય એટલે તેમના સંતાનને સાચવતી હતી. મોડી રાત્રે પલકે ઘરમાં પંખા સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પરિવારે જણાવ્યું હતું કે, તેની બહેનપણીને પૂછ્યું ત્યારે ખબર પડી કે, પલક અમારા જ કોઈ સંબંધીના યુવક સાથે પ્રેમ સંબંધમાં હતી અને તેના બે દિવસ બાદ લગ્ન છે. જેથી તેના તનાવમાં આવીને પલકે આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા છે.

# ભૂતિયા ડિમોલિશનમાં રિપોર્ટ બાદ પણ રહસ્ય!

**તપાસ** સમિતી હાથ પર હાથ જોડીને બેસી રહી હોવાથી આખા પ્રકરણમાં જવાબદારોને બચાવાઈ રહ્યા હોવાની આશંકા

સુરતઃ નાસીરનગરમાં થયેલા ભૂતિયા ડિમોલિશનમાં આજે 19 દિવસ થવા છતાં પણ ડિમોલિશન માટે જવાબદાર કોણ?તેને શોધી શકાયા નથી. બિલ્ડરોના મેળાપીપણમાં મનપા તેમજ પોલીસના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા ડિમોલિશનમાં તપાસ સમિતીને સેન્ટ્રલ ઝોનના ચીફ દ્વારા રિપોર્ટ રજૂ કરી દેવામાં આવ્યો છે પરંતુ હજુ સુધી તપાસ સમિતીને બેઠક કરીને રિપોર્ટમાં શું આપ્યું છે તે જોવાની ફુરસદ મળી નથી. જેને પગલે બિલ્ડરોને આ આખા પ્રકરણને દબાવી દેવા માટે સમય અપાઈ રહ્યો હોવાના આક્ષેપો પણ ઉઠી રહ્યા છે.

વેડદરવાજાના નાસીરનગરમાં રસ્તા રેખાના નામે કરવામાં આવેલા ડિમોલિશનનો વિવાદ ભારે વકર્યો છે. આજે કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ પણ ભૂતિયા ડિમોલિશન મામલે નિવેદન આપ્યું છે પરંતુ મનપાના પેટનું પાણી હાલ્યું નથી. સંજય અને શૈલેષ નામના બિલ્ડરોના પ્રોજેક્ટના લાભાર્થે આ ભુતિયું ડિમોલિશન કરાયાના આક્ષેપો થયા છે ત્યારે ડિમોલિશન સમયે સ્થળ પર હાજર મનપાના અધિકારીઓના નિવેદનો લેવાની જવાબદારી સેન્ટ્રલ ઝોનના ચીફ આશિષ નાયકને સોંપવામાં આવી હતી. આશિષ

...અનુસંધાન પાના 5 પર

**ચૂંટણી સમયે મત લેવામાં આવે તો બાદમાં રહેઠાણ અમાન્ય કેવી રીતે?**

# નાસીરનગરના અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસો આપો: કેન્દ્રીય મંત્રી આઠવલે

**કેન્દ્રીય** મંત્રી રામદાસ આઠવલેની સુરતના મ્યુનિ.કમિ. સાથે વાત કરવાની ખાતરી

**મહારાષ્ટ્રની** સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી જેવી સિસ્ટમ અપનાવવા સલાહ આપી

સુરત : વેડ દરવાજા નજીક આવેલી નાસીરનગર વસાહતમાં થયેલા ડિમોલિશનનો મુદ્દો હવે રાષ્ટ્રીય સ્તરે પહોંચ્યો છે. કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ મંગળવારે આ સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈને સુરત મ્યુનિસિપલ કમિશનર સાથે તાત્કાલિક વાત કરવાની ખાતરી આપી હતી. તેમણે ગરીબ પરિવારોને વૈકલ્પિક આવાસ આપ્યા વિના કરવામાં આવેલી કાર્યવાહી સામે સવાલો ઉઠાવ્યા હતા.



સુરતની મુલાકાત દરમિયાન આઠવલેએ જણાવ્યું હતું કે, બંધારણ મુજબ રોટી, કપડા અને મકાન ઉપલબ્ધ કરાવવાની જવાબદારી સરકારની

...અનુસંધાન પાના 5 પર


**અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



**નવમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. મધુબેન છોટુભાઈ લાકડાવાલા**
સ્વ.તા.૧૮-૦૬-૨૦૧૭ કુંભારીયાગામ - સુરત

આપના સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ સદાય રહેશે,
આપનું નિઃસ્વાર્થ જીવન અમારા માટે હંમેશા પ્રેરણાદાયી રહેશે,
યાદોના પુષ્પો વડે આપીએ આપને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ..
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ.છોટુભાઈ હાંસજીભાઈ લાકડાવાલા (પતિ)
ભરતભાઈ છોટુભાઈ લાકડાવાલા (પુત્ર) હિનાબેન ભરતભાઈ લાકડાવાલા (પુત્રવધુ)
અશ્વિનભાઈ છોટુભાઈ લાકડાવાલા (પુત્ર) મીતાબેન અશ્વિનભાઈ લાકડાવાલા (પુત્રવધુ)
મનસ્વી, વૃષાંગ, માન્યા
અનિલભાઈ એન. રાઠોડ (જમાઈ-મુંબઈ) રેખાબેન અનિલભાઈ રાઠોડ (પુત્રી-મુંબઈ)
શુભમ, હિરેન



**ચતુર્થ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. ઉષાબેન શંકરલાલ ચેવલી**
સ્વ.તા.૧૮/૦૬/૨૦૨૨

તમારૂં જીવન અમારી વચ્ચે નથી રહ્યું, પરંતુ તમારી સ્મૃતિ હરહંમેશ અમારા હૈયે કોતરાયેલી રહેશે વિધિના કાળ ક્રમને અમો પામર માનવીઓ પામી શકતા નથી, જ્યા સુધી જીવીશું ત્યાં સુધી હરપળે તમને યાદ કરતા રહીશું. ભગવાન આપના દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
તમારી યાદમાં
શંકરલાલ વ્રજલાલ ચેવલી (માજી ડેપ્યુટી મેયર)
સાંઈ શંકરલાલ ચેવલી | જાનકી સાંઈ ચેવલી
પીન્કી નિરવકુમાર દોરીવાલા | નિરવકુમાર વસંતલાલ દોરીવાલા
બિનિતા રાજેશકુમાર રંગૂનવાલા | રાજેશકુમાર જયવદનભાઈ રંગૂનવાલા
નાયરા, સમર્થ, ધિરાજ, કહાન, માહીરા
નિવાસ સ્થાન : બંગલા નં.૩૫, ચાઈનાગેટ - ૨, ભટાર- વેસુ



**ભાવાંજલિ**



**સ્વ. મુકેશભાઈ બાલુભાઈ પટેલ**
સ્વર્ગવાસ તા.૧૬-૦૬-૨૦૨૬

જેમણે અમારા જીવનમાં સંસ્કારો અને સંપતિની સાત્વિક સમૃધ્ધી વધારી છે. એવા સ્નેહી સ્વ. મુકેશભાઈ આપનું સમગ્ર જીવન અમારા માટે એક પ્રેરણાપીઠ સમાન રહ્યું છે.

અમારા જીવનમાં સંસ્કારો અને સંપતિની સાત્વિક સમૃધ્ધિ વધારીને અમને સાચા સંસ્કાર વારસાની ભેટ આપી, આપ હંમેશા અમારા સાચા પથદર્શક બનીને આપના હૃદયમાંથી હંમેશા વહાલ અને સ્નેહની સરવાણી વહેતી રાખી હતી, જીવનની કપરી પરિસ્થિતિઓમાં જ્યારે પણ કોઈ મુશ્કેલી આવી ત્યારે આપ હંમેશા અમારી વહારે આવીને સાચા સંકટમોચન બન્યા છો, આપની ભૌતિક ગેરહાજરી અમારા જીવનમાં ક્યારેય ન પુરાય તેવી ખોટ પડી છે. પરંતુ આપની યાદો, આપના આશીર્વાદ અને આપના દ્વારા ચિંધાયેલા સન્માર્ગે હંમેશા અમારું માર્ગદર્શન કરતા રહશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને એમના ચરણોમાં સ્થાન આપે એજ અમારા અશ્રુભીના હૃદયની પ્રાર્થના.

શોકાતુર
પ્રશાંતસિહ ધીરજસિંહ પરમાર નરેન્દ્રસિંહ મનુસિંહ પરમાર
તરૂણસિંહ રાજ
અંબિકા સ્ટોન ઈન્ડસ્ટ્રીઝ-ચીખલી